# ૧૫મી ઓગસ્ટ : સુનિતા વિલિયમ્સ અને કોલેજિયન

ગત બુધવારે ૧૫મી ઓગસ્ટના રોજ ભારતમાં ૬૬મો સ્વાતંત્ર્યદિન ઉજવવામાં આવ્યો. ત્યારે જોયેલ અને સાંભળેલ કેટલીક ઘટનાઓ આ લેખ લખવા માટે પ્રેરણાસ્રોત બનેલ છે. આપણે સૌ જાણીએ છીએ કે, આપના મુખ્ય બે રાષ્ટ્રીય તહેવારો ૧૫મી ઓગસ્ટ-સ્વાતંત્ર્યદિન અને ૨૬મી જાન્યુઆરી-પ્રજાસત્તાકદિન શા માટે ઉજવીએ છીએ. જેથી તેની લાંબી ચર્ચા અહીં કરવી જરૂરી લાગતી નથી. આમછતાં એટલું તો સત્ય યે જ કે, આ બંને દિવસે આપણે આપણા દેશના ભૂતકાળને યાદ કરીને ગૌરવ લઇએ છીએ તેમજ દેશને આઝાદી કેવી રીતે મળી તેને થોડીક્ષણો માટે યાદ કરીને આઝાદી અપાવનાર દેશભક્તો અને શહીદોને દીલથી યાદ કરીએ છીએ. આમથતાં આપનામાં દેશદાઝ પ્રજ્વલિત થાય છે, દેશ માટેના ગૌરવમાં વધારો થાય છે અને શહીદ થયેલ કે મુશ્કેલીઓ વેઠીને આઝાદી અપાવનાર આપણા વડીલોને સ્મરીને તેમની પ્રત્યે કૃતઘ્નતાની લાગણી પ્રગટ કરીને મનોમન તેમનો આભાર માનીએ છીએ. કે તમારા કારણે અમને આ દેશ, આ સ્વતંત્રતા આ ગૌરવ પ્રાપ્ત થયા છે.

દેશમાં અને વિદેશમાં રહેતાં ઘણાં ભારતીયોએ એકબીજાને શુભેચ્છા પાઠવી હતી. લગભગ બધી જ પ્રાથમિકશાળામાં, મોટાભાગની માધ્યમિકશાળામામ અને કેટલીક કોલેજોમાં આ તહેવારની ઉજવણી કરવામાં આવી. ગૌરવ અને શીખ લેવા જેવી બાબત એ છે કે, અત્યારે અંતરીક્ષમાં રહેલ સુનિતા વિલિયમ્સે (જે ગુજરાતી મૂળના છે) પણ સમય ફાળવીને, કાસ યાદ રાખીને સૌ ભારતીયોને શુભેચ્છા પાઠવી. ત્યારે શરમ લાગે, દુ:ખ તાય તેવી બાબત એ છે કે, આવા રાષ્ટ્રીય તહેવારના દિવસો કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ઉજવવા કેમ ગમતા નથી. કોલેજમાં વર્ષ દરમિયાન ખાસ રીતે સમય ફાળવી, ખાસ પ્રકારના આયોજન અને ખર્ચ કરીને કોલેજિયનો વિવિધ “ડે” જેવા કે, ફ્રેન્સડશીપ ડે, ચોકલેટ ડે, બલૂન ડે, સ્કૂલ ડે વગેરે ઉજવે છે. પણ તેમને રાષ્ટ્રીય તહેવાર ઉજવવાનું કેમ સૂઝતું નથી ? કેટલીક કોલેજો જાતે યાજોન કરીને રાષ્ટ્રીય તહેવાર ઉજવે તો તેમાં વિદ્યાર્થીઓ ભાગ લેતા નથી કે કોલેજમાં આવતા પણ નથી ! ત્યારે આજના આ યુવાનોએ સુનિતા વિલિયમ્સમાંથી પ્રેરણા લેવા જેવી છે. સાથે કોલેજના આચાર્યએ પણ પોતાની કોલેજમાં ઉજવાતા વિવિધ ડે ને ત્યારે જ મંજૂરી આપવી જોઇએ કે, જ્યારે કોલેજના વિયર્થીઓ રાષ્ટ્રીય તહેવારના દિવસો ઉજવતા હોય તો. આ કોલેજના વિયર્થીઓ પરિપક્વ થયા પછી કેટલાક નિર્ણયો જાતે લે છે, તેમને અપાર સ્વતંત્રતા પણ કોલેજ અને ઘર તરફથી મળ્યામ યે, ત્યારે તેનો ઉપયોગ સકારાત્મક રીતે વધુ પ્રમાણમાં તાય તે જરૂરી છે. હજુ તો નવરાત્રી આવવાનો બે-અઢી મહિનાનો સમય બાકી છે, ત્યારે આજના યુવાનોએ તેની પ્રેકટીસ પણ શરૂ કરી દીધી છે. નવરાત્રીના તહેવારોનું આટલું ઘેલું લઇને ફરતા આજના યુવાનોને પોતાના દેશ માટે કશુંક કરવાનો તો સમય નથી, પણ તેના માટે આદર અને પ્રેમ દર્શાવવાનો સમય પણ નથી ?

આજે ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીની ઉજવણી શાળા-કોલેજો અને સરકારી કચેરીઓ પૂરતી સિમિત થઇ ગઇ હોય તેવું લાગે છે. શું દેશ પ્રત્યે આદર અને માન દર્શાવવા તે બિનસરકારી વ્યક્તિઓની ફરજ નથી ? ભારતના તમામ નાગરિકોએ આ તહેવારમામ બાગ લેવો ન જોઇએ ? આ માટે નજીકની શાળામાં જઇને ધ્વજવંદન કરી ન શકાય ? પ્રેરણા લેવા જેવી બાબત એ છે કે, આપણા ગુજરાતના

શિક્ષણ ખાતાના અગ્રસચિવ જેવો ઉચ્ચ હોદ્દો ધરાવનાર પણ અમદાવાદમાં વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી સરકારી વસાહતની પ્રાથમિક શાળામામ જઇને ધ્વજવંદન કરે છે, ભાષણ નહીં કે અન્ય મોભાની વાત નહીં. સામાન્ય વાલી કે નાગરિકની જેમ જો અગ્રસચિવ કે સુનિતાવિલિયમ્સ જેવી વ્યક્તિઓ પણ આજના દિવસ માટે સમય પાળવતા હોય તો આજના યુવાનોને સમય કેમ નથી મળતો ? આ માટે જવાબદાર કોણ ? તે યુવાનો કે સમાજ કે તેમને મળેલા સંસ્કારો કે શાળા-કોલેજો ? ાામને આમ ચાલશે તો હવે પછીની બીજી પેઢીને તો રાષ્ટ્રીય તહેવારો વિશે પુસ્તકમાંથી વાંચીને માહિતી લેવી પડશે. કારણ કે, ઉજવણી તો દરેક જગ્યાએ બંધ થઇ ગઇ હશે. દણ્યવાદ તો આજના પ્રસાર માધ્યમોને આપવા જોઇએ. જેમાં પ્રિન્ટ મિડિયાએ કેટલીક હકીકતો છાપી તો ઇલેકટ્રોનિક મિડિયાએ દિવસભર વિવિધ માહિતી ટી.વી.ના પડદે રજૂ કરીને નાગરિકોમાં દેશદાઝ ઉજાગર કરવાના પ્રયત્નો કર્યા, ઉપરાંત નવી પેઢીને ભારતનો ભૂતકાળ બતાવે. આવી માહિતી સૌ કોઇને ગમે છે, ત્યારે શાળા-કોલેજોએ પણ વિચારવાનો સમય પાકી ગયો છે કે, શાળા-કોલેજોમાં કેવા પ્રકારનું આયોજન કરીએ તો વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે. જો શિક્ષકો જ રસ નહીં દાખવે તો વિચર્થીઓને ક્યાંથી રસ પડશે? આ માટે ઉદાહરણરૂપ કિસ્સો ગત વર્ષે અમદાવાદ જિલ્લામાં બન્યો હતો. એક પરાથમિકશાળામાં આ તહેવાર નિમિત્તે વિચર્થીઓ શાળામાં આવ્યા, કેટલાક વાલી આવ્યા, સરપંચશ્રી પણ આવ્યા, ફક્ત ન આવ્યા શિક્ષકો ! જેની ચર્ચા ચાલી. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સુધી વાત અને ફરીયાદ ગઇ. અંતે જિલ્લા પરાથમિક શિક્ષણાધિકારીએ તે શાળાના ભાગ નહીં લેનાર દરેક શિક્ષકના પાંચપાંચ ઇન્ક્રિમેન્ટ-પગાર ઇજાફો કાપી નાંખ્યા. આવી માનસિકતા ધરવનાર શિક્ષકોએ પોતાની માનસિકતા બદલીને વિદ્યાર્થીઓ સામે આદર્શ બનવાનું છે.

અંતે, યુવાનેતાઓ કે વિદ્યાર્થી નેતાઓ કે જે ફી વધારા સામે, પ્રવેશ પ્રક્રિયા સામે કે અન્ય કોઇ બાબત બાબતે અન્યાય સામે કે લાભ લેવા આંદોલનો કરતાહોય છે, તેમણે આપણા રાષ્ટ્રીય તહેવારો ઉજવવા માટે પણ કેટલોક સમય ફાળવીને આ માટે વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ વિકસે તે માટેના પ્રયત્નો હાથ ધરવા જોઇએ. જો પ્રયત્નથી સફળતા ન મળે તો આંદોલનો પણ કરવા જોઇએ. દરેક શાળા-કોલેજોમાં આ તહેવાર વિશિષ્ટ રીતે ઉજવાય તે માટે પોતાનું નેતૃત્ત્વ પુરું પાડવું જોઇએ. પરંતુ આજદિન સુધી આવું કશું જ તયું નથી, તે હવે શરૂ કરવાનો સમય પાકી ગયો છે. ભૂતકાળમાં ગુજરાત યુનિવર્સિટીના વી.સી. સાહેબે આ માટે એક પરિપત્ર કરેલો, જેનો અમલ જે તે વર્ષ પૂરો થયેલો, પણ આજે પરિણામ નિરાશાજનક છે, આ માટે પરિપત્રો કામ નહીં આવે, તે માટે દરેકના દિલમાં દેશદાઝ જગાડવી પડશે, વિવિધ, નવીન, રસિક કાર્યક્રમો આપવા પડશે.દિશા બદલીશું તો જ દશા બદલાશે.

અંતે, બેન સુનિતા તમારો ખૂબખૂબ આભાર કે, તમે અવકાશમાં રહીને અમને અને બારતને ભૂલ્યા નથી. તમારી શુભેચ્છા અમને મળી છે, અમને તમારા માટે ગૌરવ છે. તમારા આ પ્રયત્નમાંથી ભારતના હજારો યુવકો પ્રેરણા લેશે, તેવી તમને હૈયાધારણ અને પ્રભુને પ્રાર્થના.

નોંધ : લેખમાં ફોટો ધ્વજવંદન ઉજવતા બાળકોનો મૂકવો. જો તે ન મળે તો ધ્વજનો મૂકવો.